# આપસી શ્રધ્ધા દ્વારા શાંતિ અને સંવાદિતા પરની રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં સહભાગી થતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી આજે અમદાવાદના જીએમડીસી ખાતે યોજાયેલ ''આપસી શ્રધ્ધા દ્વારા શાંતિ અને સંવાદિતા પરની રાષ્ટ્રીય સંગોષ્ઠી''માં સહભાગી થયા હતા. સ્થાપિત અહિંસા વિશ્વ ભારતી સંસ્થાના ૧૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે લોકેશ મુનીજીને તેમના કાર્યો પૂર્ણ કરવા માટે ઈશ્વર બળ આપે તેવી કામના કરી હતી. સ્વીકાર્યતા ઘટી છે. આપણા ધર્મગ્રંથો આપણને સદવિચારો ગમે તે દિશામાંથી આવે તેને સ્વીકારવાની શીખ અને પ્રેરણા આપે છે તેમાંથી શીખવા માટે તેમણે આહવાન કર્યું હતુ. મહાવીરના અનેકાંતના સિદ્ધાંતો જગતને દિશા દર્શન કરી રહ્યાં છે. સમાજમાં મનભેદ થઈ મતભેદમાં પરિવર્તન પામે ત્યારે વિવાદ જન્મે છે પરંતુ અનેકાંતના સિદ્ધાંત એકબીજાના વિચારો અને






અધ્યક્ષીય પ્રવચન કરતા તેમણે જણાવ્યું કે, જૈન ધર્મ આપણને વૈચારિક ઉદારતા શીખવે છે. બીજા પ્રત્યેનો ક્ષમાભાવ પણ જૈન ધર્મ શીખવે છે. સર્વધર્મ પ્રત્યે સમભાવ પ્રગટે તે દિશામાં માર્ગ પ્રશસ્ત કરવા માટે વિવિધ ધર્મના ધર્માચાર્યો આજે એક જ મંચ પર એકઠા થયા છે ત્યારે વિશ્વમાં શાંતિ અને સદભાવ અવશ્ય પ્રગટશે જ તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ડૉ. લોકેશ મુનીજીના ૩૪માં દિક્ષા દિવસ અને તેમના દ્વારા

ધર્મનું બીજું નામ પરોપકાર છે. ધર્મ એકબીજા સાથે જોડવાનું કાર્ય કરે છે તેમ જણાવી તેમણે કહ્યું કે, ધર્મ પ્રેમ શીખવે છે, એકબીજાને સ્વીકારવાનું શીખવે છે. ધર્મ ક્યારેય વેરભાવ-દુશ્મનાવટ શીખવતો નથી.

આજ-કાલ ધર્મના નામે સંકિર્ણતાનું વાતાવરણ સર્જાયુ છે. તેનો ઉલ્લેખ કરી તેઓએ કહ્યું કે, આજે દુનિયા નાના-નાના દાયરામાં વિભાજીત થઈ ગઈ છે. તેથી જ એકબીજાના ધર્મને સ્વીકારવાની જે તે ધર્મના સારા પાસા શીખવાની

કેન્દ્રિય કૃષિ મંત્રી પુરુષોતમ રૂપાલાએ જણાવ્યું કે, સંતો ઈશ્વરના દૂત જેવા હોય છે. સાધુ-સંતોએ જગતની શાંતિ માટે સર્વસ્વનો ત્યાગ કરીને બલીદાન આપેલા છે. ભારતીય સંસ્કૃતિ 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના શીખવે છે ત્યારે અહીં ઉપસ્થિત વિવિધ ધર્મના ધર્માચાર્યો તેને એક અને અખંડ બનાવી રાખી સમાજમાં એકતા અને બંધુત્વ બનાવી રાખી સૌને પ્રેમનો સંદેશો પાઠવતા વાહકો છે.

આચાર્ય ડૉ. લોકેશ મુનીએ જણાવ્યું કે, આજે પણ ભગવાન

અસ્તિત્વનો સ્વીકાર કરવાનું શીખવે છે. માનવીએ પોતાની ન્યૂનતાને દૂર કરી અપૂર્ણમાંથી પૂર્ણ તરફ ગતિ કરવા માટેનું ધર્મદર્શન આ પ્રસંગે તેમણે રજૂ કર્યું હતુ.

સંગોષ્ઠિમાં ભારતના મુખ્ય ઈમામ ઉમેર અહેમદ ઈલ્યાસી, એસજીવીપીના માધવપ્રિયદાસજી, શીખ ધર્મના પરમજીતસિંઘ ચાન્ડોક, બૌદ્ધ ભિક્ષુ સંઘ સેનાને પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

આ પ્રસંગે જૈન ધર્મના ભાઈ-બહેનો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## નાગર યુવાનો માટે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

સમગ્ર ગુજરાત નાગર પરિષદના ઉપક્રમે ત્રીજી જાન્યુઆરી ૨૦૧૭ના રવિવારના રોજ નાગર યુવક યુવતીઓ માટે જીવનસાથી પસંદગી સંમેલન (ઓગણીસ)નું આયોજન કરવામાં આવેલ છે. સંમેલનમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ શ્રી નરેશચંદ્ર રામપ્રસાદ રાજા, મો. ૯૯૭૪૦૩૪૪૬૬, શ્રી અરૂણભાઈ બુચ, સે-૨૦, ફોન-૨૩૨૬૦૩૭૦, શ્રીમતી સુભાષ ભટ્ટ, સે-૨૭, ફોન-૨૩૨૧૦૧૯૨, ૮૪૦૧૩ ૧૩૬૮૭ અને મહેશભાઈ રાવલ, સે-૭-ડી, ફોન-૨૩૨૩૩૦૬૭ ઉપરથી વિના મુલ્યે આવેદનપત્ર મેળવી શકશે તેમ સંસ્થાના પ્રમુખશ્રી નરેશ રાજા તથા ચેરમેનશ્રી અરૂણ બુચ (ગાંધીનગર) અને મહામંત્રી શ્રી ધર્મેન્દ્ર દેસાઈએ જણાવ્યું છે. ભરેલા આવેદનપત્રો મોડામાં મોડા તા. ૨૦-૧૨-૨૦૧૬ સાંજના સાડા પાંચ સુધીમાં જમા કરાવવાનાં રહેશે.

# રાજયમાં પાંચ લાખ ઉમેદવારોએ વર્ગ-૩ની પરીક્ષા આપી : ૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૬

સચિવાલય કારકુન વર્ગ-૩ની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આજે શાંતિપૂર્ણ માહોલમાં સમગ્ર રાજયમાં સંપન્ન થઈ છે. ૪૧૮૯ની જગ્યાઓ માટે રાજયમાંથી અંદાજીત સાડા છ લાખથી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધવી હતી. આ ઉમેદવારોમાંથી અંદાજીત પાંચ લાખ ઉમેદવારોએ પરિક્ષા આપી છે. ૨૦૦ માર્કનું પેપર એકંદરે સામાન્ય હતું જયારે કેટલાક પ્રશ્નો ઉમેદાવારોને ટવીસ્ટ કરીને પુછાયા હતા. આ પરિક્ષામાં મોબાઈલ લઈને જવાના ૭ જેટલા કેસ નોંધાયા હોવાનું પણ જાણવા મળ્યું છે. જયારે સમગ્ર પરિક્ષામાં દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બનતા ગૌણસેવા પસંદગી મંડળના તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે. જયારે આ પરિક્ષાનું મેરીટ અંદાજે ૧૧૦ થી ૧૧૫ ની આસપાસ અટકે તેવી માહિતી ગૌણસેવાના સુત્રો પાસેથી મળવા પામી છે. આ પરિક્ષાના સૌથી વધુ કેન્દ્ર અમદાવાદમાં ૩૦૧ હતા જયારે ડાંગ જિલ્લામાં સૌથી ઓછા માત્ર ૮ કેન્દ્રો પર પરિક્ષા યોજાઈ હતી. જયારે પરિક્ષાને લઈને તમામ કેન્દ્રો પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત પરિક્ષામાં રાજયના તમામ ૩૩ જિલ્લામાં કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૧૯૫૯ જેટલા કેન્દ્રો પરથી અંદાડે પાચ લાખ થી વધુ શિક્ષિત બેરોજગાર ઉમેદવારો એ પરિક્ષા આપી હતી. ભરતી બોર્ડ દ્વારા મોટાપાયે થનાર પરિક્ષા હોવાથી સીસીટીવી કેમેરાથી સજજ હોય તેવી શાળાઓ પસંદ કરાઈ હતી. જેથી પરિક્ષામાં પારદર્શીતા જળવાઈ રહે. ૪૧૮૯ જગ્યાઓ માટે આયોજીત સ્પર્ધાત્મક પરિક્ષા ૨૦૦ ગુણની અને બે કલાકની હતી. આ પરિક્ષાનું પેપર ઉમેદવારોના મતે એકંદરે સામાન્ય હતું. કેટલાક પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પુછાયા હતા. જયારે કોમ્પ્યુટર, બંધારણ, વર્તમાનપત્રો, અંગ્રેજી વ્યાકરણ, જાહેર વહીવટ સહિતના પ્રશ્નો પુછાયા હતા.

આ પરિક્ષામાં કોઈ પણ જાતની ખામી રહી ન જાય તે માટે મંડળ દ્વારા અગાઉથી તમામ તૈયારીઓ કરી દીધી હતી. જયારે આ પરિક્ષાની કામગીરીમાં શાળાના કર્મચારીઓ તેમજ અધિકારીઓએ ફરજ બજાવી હતી. પરિક્ષા કેન્દ્ર પર કોઈ પણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત પોલીસ ખડેપગે જોવા મળી હતી. રાજયમાં પરિક્ષા ખંડમાં મોબાઈલ લઈને જવાના ૭ જેટલા કેસ નોંધાયા હોવાનું જાણવા મળ્યુ છે. જયારે સમગ્ર રાજયમાં સ્પર્ધાત્મક પરિક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાતા મંડળે પણ રાહતનો શ્વાસ લીધો છે.







## શહેરમાં એનેથેસીયા ડે ની ઉજવણી કરાઈ

વિશ્વ એનેસ્થેસીયા ડે નિમિતે શહેરના ડોકટર્સ દ્વારા જનજાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સેકટર-૨૧, પુનિતવન તેમજ ગાયત્રી મંદિર ખાતે આયોજીત જનજાગૃતિના કાર્યક્રમમાં શસ્ત્રક્રિયા દરમિયાન દર્દીના રખેવાળનું કામ કરતા એનેસ્થેટીસ્ટની ભુમિકા અંગેની જાણકારી પણ નાગરીકોને આપવામાં આવી હતી. જયારે અત્યારના દરેક ઓપરેશનમાં એનેસ્થેસીયા ડોકટરની જવાબદારી પણ વધી જવા પામી છે તેમજ પેઈનલેસ ડિલીવરી પેઈન મેનેજમેન્ટ, આસીયું, એમઆરઆઈ અને માનસિક રોગની સારવારમાં એનેસ્થેસીયા તબિબનું મહત્વ બદલાયું છે. ત્યારે નગરજનોને હદય બંધ પડી ગયું હોય તો સામાન્ય નાગરીક દર્દીને બચાવવા શું પગલા લઈ શકે તેની પણ પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી. શહેરના વિવિધ સ્થળો પર વિશ્વ એનેસ્થેસીયાના જનજાગૃતિના કાર્યક્રમમાં મોટીસંખ્યામાં નાગરીકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે ડો. તરલીકા ડોકટર,ડો. હિતેશ બ્રહ્મભટ્ટ, ડો. દીપશીખા ત્રિપાઠી,ડો. શોભના ગુપ્તા, ડો. ઉત્તમા સોલંકી, ડો. રાજેન્દ્ર સોમપુરા, ડો.શિત્તલ વગેરે હાજર રહ્યા હતા.

## પ્રાંતિજમાં નેશનલ હાઈવે પર આગના દશ્યો મોકડ્રીલ યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ નજીક રોડ ઉપર માલ ભરેલ ટ્રકમાં આગ લાગવાના સમાચાર મળતાં ફાયર સ્ટાફ તંત્ર સહિત પોલિસ તંત્ર દોડતુ થયું હતુ. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ટોલનાકા નજીક માલ ભરેલ ટ્રકમાં આગ લાગતાં આજુબાજુના લોકો સહિત રોડ ઉપરથી પ્રસાર થતાં વાહન ચાલકોમાં ભાગદોડ મચી જવા પામી હતી ત્યારે આ અંગેની જાણ તંત્ર તથા પોલિસને થતાં પ્રાંતિજ પી.આઈ. ટી.બી.રાઠોડ સહિત પોલિસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. જયારે પ્રાંતિજ ફાયર ફાયટર પણ સમાચાર મળતાં ફાયરમેન મુકેશભાઈ પણ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતાં.

# ચંદ્રાલા ગામે વોટરશેડની કામગીરી છેલ્લા પાંચ વર્ષથી ખોરંભાઈ

## એક કરોડથી વધુની ગ્રાન્ટ ફાળવ્યા છતા કામ ન થતા ગ્રામજનોમાં રોષ

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામના ગ્રામજનોને પાણીની સમસ્યાનો સામનો ના કરવો પડે તે માટે વોટરશેડની રચના કરવામાં આવી છે.પરંતુ આ વાતને પાંચ પાંચ વર્ષનો સમય વિતી ગયો છતા હજુ સુધી વોટરશેડની સુવિધા નહી મળતા ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. જયારે આ અંગે તંત્રના જાડી ચામડીના અધિકારીઓનું પેટનું પાણી હલતું નથી. ત્યારે ચંદ્રાલા ગામે વોટરશેડનો પ્રારંભ થાય તેની રાહ જોઈને ગ્રામજનો બેઠા છે.

રાજય સરકારની યોજના હેઠળ ગામમાં ઘરે ઘરે નળના માધ્યમથી પાણી પુરુ પાડવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે માટે વોટરશેડની રચના કરવામાં આવી છે. આ યોજના અંતગર્ત ચંદ્રાલા ગામમાં પાંચ વર્ષ પહેલા વોટરશેડ બનાવાનો પ્રારંભ કરાયો હતો. પરંતુ પાંચ વર્ષનો સમયગાળો વિત્યો હોવા છતા હજુ સુધી કોઈ ઠેકાણુ પડ્યું નથી. ત્યારે ગામના સરપંચ દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા પરિણામ ન મળતા ગામના રહિશોમાં રોષ જોવા મળ્યો છે.નોડલ ઓફિસર ચંદ્રાલા ગામ લેવલની દફતર યાદી હોવા છતા પાંચ વર્ષ વિત્યા છતા પેટા કાયદાની યાદી રજુ કરતા નથી. ત્યારે છેલ્લા ૨૦ દિવસથી વોટરશેડની ઓફિસને તાળા લાગી ચુક્યા છે. વોટરશેડ તૈયાર કરવા માટે સરકાર દ્વારા ૧.૨૫ લાખની ગ્રાન્ટ ફાળવેલ તેમજ પાંચ વર્ષમાં કામ પૂર્ણ કરવાની બાંહેધરી હતી. જયારે ઓફીસ દ્વારા એસ્ટીમેન્ટ બનાવવામાં આવ્યું નહોતું.જેથી ગામની વોટરશેડ કમિટી દ્વારા કામનું ઝીણવટભર્યુ આયોજન કર્યુ હતું.છતા કામ ખોરંભાયુ છે નોડલ ઓફીસર દ્વારા સાધનની ખરીદી કરવાની હોય છે પરંતુ ઉદાસીન વલણ દાખવતા વોટરશેડની સ્થિતિ યથાવત રહેવા પામી છે જેથી વોટરશેડની ઢીલીનિતીને અનુલક્ષી ચંદ્રાલા ગામના રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે.






## આરએસએસ દ્વારા મોડાસા ખાતે વિજયા દશમીની ઉજવણી કરાઈ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા વિજયા દશમીની ઉજવણીના ભાગ રૂપે સંચલન અને શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના તમામ કાર્યકર્તા મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આરએસએસના કાર્યકર્તાઓ નવા ગણવેશમાં પહેલીવાર સંચલનમાં જોડાયા હતા. મોડાસાના મેઘરજ રોડ પર આવેલા ઉમિયા મંદિરથી સંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે મેઘરજ રોડથી ચાર રસ્તા, બસ સ્ટેશન, માલપુર રોડ થઈ ઉમિયા માતાના મંદિરે સંચલનની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉમિયા માતાના મંદિરે આરએસએસના કાર્યકર્તાઓ દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું.

## ગુજરાત કિસાન સંગઠનના અરવલ્લી સાબરકાંઠાના પ્રમુખપદે નિયુક્ત

મોડાસા, તા. ૧૫

ગુજરાત કિસાન સંગઠનના પ્રદેશ પ્રમુખ દ્વારા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના સંયુક્ત પ્રમુખ તરીકે મોડાસાના ઉમેદપુર (દધાલીયા) ગામના યુવા ખેડૂત કાર્યકર નિકુલભાઈ પટેલની નિયુક્તિ કરી છે. જેને સર્વે કિસાનોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા. અને ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## અધિક કલેકટર સંવર્ગના અધિકારીઓ નિમણુંકની રાહમાં છે

ગાંધીનગર, તા.૧૬

રાજયના ૨૫થી વધુ અધિક કલેકટરોની નિમણુંકો અને બદલીઓનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી સપ્તાહમાં બદલીઓનો દોર શરૂ થનાર હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ રાજય સરકારે ૨૫થી વધુ નાયબ કલેકટરોને અધિક કલેકટરમાં બઢતી આપીને જે તે જગ્યાએ જ નિમણુંક આપવામાં આવી હતી.

ત્યારબાદ તાજેતરમાં રાજય સરકારે મામલતદાર સંવર્ગના ૫૦ જેટલા અધિકારીઓને નાયબ કલેકટર સંવર્ગમાં બઢતી આપીને જે તે જગ્યાએ નિમણુંકો આપતા અધિક કલેકટર સંવર્ગના બઢતી પામેલ અધિકારીઓ પોસ્ટીંગ વગરના છે.

પ્રાપ્ત વિગતો મુજબ નાયબ કલેકટર સંવર્ગના આ અધિકારીઓને અધિક કલેકટર સંવર્ગમાં બઢતી આપ્યા બાદ હજુ નિમણુંકો આપવામાં નહીં આવતા આ અધિકારીઓ પોસ્ટીંગની રાહમાં બેઠા છે.

પોસ્ટીંગની રાહમાં બેઠેલા અધિક કલેકટર સંવર્ગના અધિકારીઓને નિમણુંકો આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને આગામી સપ્તાહમાં નિમણુંકો અને બદલીઓનો દોર શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## ટાઈમ લાઈન... ● ત્રીજા પાનાનું ચાલુ

જોઈએ કે કોઈપણ મુલાકાતી સચિવાલય આવે તો તેને નારાજ કરશો નહીં, તેની વાત ધ્યાનથી સાંભળીને તેના કામનું નિરાકરણ લાવવું જોઈએ, કારણ કે સરકારનો તાલુકા સરકારનો કન્સેપ્ટ નિષ્ફળ જઈ રહ્યો છે. બધાં નિર્ણયો માટે જો ફાઈલ ગાંધીનગર મોકલવાની થતી હોય તો અરજદારે જિલ્લા કક્ષાએ જૂતાં ઘસવાનો કોઈ અર્થ સરતો નથી. ભાજપની ૧૯૯૫ની કેશુભાઈ પટેલની સરકારને યાદ કરવાનો સમય આવી ચૂક્યો છે.

**વાયબ્રન્ટના સૂત્રધારો મેઇન સ્ટ્રીમથી બહાર...**

ગુજરાતમાં મોદીની વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટને સફળ બનાવવામાં જે આઈએએસ અધિકારીઓનો સિંહફાળો હતો તેવા ઓફિસરો હવે મેઈન સ્ટ્રીમથી બહાર છે પરંતુ કોઈને કોઈ જગ્યાએ વ્યસ્તતાપૂર્વક ફરજ બજાવે છે. વાયબ્રન્ટ સમિટનો આઈડિયા મોદીનો હતો પરંતુ તેની પાછળનું ભેજું ડી. રાજગોપાલનનું હતું. આ અધિકારીના કારણે મોદી સક્સેસ થયા છે. આઈડિયાને અમલમાં મૂકનાર આ અધિકારી મોદી પાસે ન હોત તો એ વાયબ્રન્ટ સિરીઝ માત્ર ૨૦૦૩ અને ૨૦૦૫ સુધી જ સિમિત રહી ચૂકી હોત તેવું સચિવાલયના સિનિયર અધિકારીઓ માને છે. આ અધિકારીને સાથ આપનારા બે મહાનુભાવો અને નિવૃત્ત છતાં પ્રવૃત્ત આઈએએસ ઓફિસરો-ડી.જે.પાંડિયન અને મહેશ્વર શાહુ પણ મુખ્યલાઈનથી બહાર છે પરંતુ તેઓ ત્રણેય આઠમી વાયબ્રન્ટ સમિટમાં આ વખતે યજમાન ન સહી, મહેમાન બનીને આવી રહ્યાં છે. તેમનો સરકાર હજી પણ લાભ લઈ શકે છે.

**કોંગ્રેસ ચૂપ છે, ગુપ્ત ઓપરેશન ચાલે છે...**

ગુજરાત કોંગ્રેસ ચૂપ છે. પ્રદેશના નેતાઓ કોઈ ગુપ્ત ઓપરેશન કરતા હોય તેમ લાગે છે. કોંગ્રેસને નડતા સાત ગ્રહો- આંતરકલહ, મતભેદ, મનભેદ, નારાજગી, વેચેલી ટીકીટ, કાર્યકરોમાં નિરૂત્સાહ અને હારેલાઓની જીદ- માટે સર્જીકલ સ્ટ્રાઈક ચાલે છે. જોઈએ હવે હાઈકમાન્ડ મિશન-૨૦૧૭ને પાર પાડવા કેટલો સમય ગુજરાતને આપે છે. કોંગ્રેસ માટે એક સર્વે એવો છે કે જે કોંગ્રેસના ઉત્સાહ વધારનારો છે. આ સર્વેમાં કોંગ્રેસને ફાળે ૮૦ બેઠકો આવે છે.

## દુ:ખદ અવસાન

પ્રાંતિજ, તા. ૧૬

પ્રાંતિજના વતની અને સોની સમાજના અગ્રણી સોની અમરીશભાઈ રતિલાલના માતુશ્રી સવિતાબેન રતિલાલ સોનીનું દુ:ખદ અવસાન થયું છે. સદગતનું બેસણુ તા. ૨૦-૧૦-૨૦૧૬ને ગુરૂવારના રોજ પ્રાંતિજ ખાતે આવેલ ગ્રીનપાર્ક સોસાયટી તેમના નિવાસસ્થાને ૯ થી ૧૨ રાખેલ છે.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

સ્ત્રી અનામતની જોગવાઈ દરેક જગ્યાએ ભરતીમાં તથા ચૂંટણીમાં ભારતીય બંધારણ મુજબ ખાસ હક્ક, અધિકાર મળતા હોય તેવા સંજોગોમાં સ્ત્રી પુરૂષને માત્ર લીંગ ભેદથી કોર્ટ કે કાયદો માની શકે નહિ અને સક્ષમતા ધરાવતી સ્ત્રીના ભરણ પોષણની જવાબદારી એકલા પતિની નક્કી થઈ શકે નહિ આ બન્ને ઐતિહાસીક ચુકાદાથી કાયદાનો હથીયાર તરીકે ઉપયોગ કરી મહિલાઓ સામે પુરૂષને કાયદાની ઢાલથી સુરક્ષીત કરવા સમાજને બેલેન્સ કરવાનો નામદાર કોર્ટનો પ્રયાસ રૂપ ચુકાદો છે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

જેવાની આશાસ્પદ યુવા નેતાગીરી ઉપસતી જોવા મળી અને આશા બંધાઈ હતી કે આગામી વિધાનસભા ચૂંટણીમાં નક્કી પરિવર્તનનો પવન વાશે. કમનસીબે સત્તારૂઢ ભાજપ અને વિપક્ષી કોંગ્રેસના ખંધા રાજનેતાઓ આ યુવાનેતાઓના પ્રભાવને ઓહિંયાં કરી જવા મેદાન પડ્યા છે. કેજરીવાલ આ ત્રિપુટીના ટેકે 'આપ' પાર્ટીને ગુજરાતમાં ચમકાવવાનાં સ્વપ્ન જોતા હતા, પણ એમાં અમિત શાહ અને શંકરસિંહની કીમિયાગીરી એમને ભારે પડી રહી છે. જિજ્ઞેશ 'આપ' માંથી છૂટા થયા છે. અલ્પેશને કેજરીવાલ દિલ્હીમાં મળ્યા અને હવે પાટીદાર શહીદોને અંજલિ આપવા નિમિત્તે પાટીદાર યુવાનેતા સાથે સેતુ રચવા માંગે છે. ઉના, ઊંઝા અને અમદાવાદની કેજરીવાલની મુલાકાતો દળીદળીને ફૂલડીમાં ભરવાની સ્થિતિ સર્જશે કે પછી પ્રજા તેમને સાથ આપશે, એનું આગામી દિવસોમાં નીરક્ષીર થશે.

## પડોશી દેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નેટવર્કના કારણે મધ્ય-પૂર્વ, પૂર્વ, પશ્ચિમ-એશિયા, યુરોપ અને દક્ષિણ-એશિયા માટે ખતરો ઉભો થઇ ગયો છે. આર્થિક સમૃદ્ધિ માટે ત્રાસવાદ સૌથી મોટા ખતરા તરીકે છે. કમનસીબ બાબત એ છે કે, તેના માટે મદરશીપ એક જ છે અને જે ભારતના પડોશમાં છે. સમગ્ર દુનિયાના ટેરર મોડ્યુઅલના સંબંધ આ દેશ સાથે જોડાયેલા છે. આ દેશ માત્ર ત્રાસવાદને જ પ્રોત્સાહન આપી રહ્યું નથી બલ્કે ત્રાસવાદીઓને આશરો પણ આપે છે. સાથે સાથે તેની વિચારધારાને પણ પ્રોત્સાહન આપે છે. તેની વિચારધારા છે કે, રાજકીય ફાયદા માટે આતંકવાદનો ઉપયોગ કરી લેવામાં કોઇ ખરાબી નથી. આ વિચારધારાને અમે વખોડી કાઢીએ છીએ. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, બ્રિક્સ દેશોને ત્રાસવાદની સામે મજબૂતી સાથે ઉભા રહેવાની જરૂર છે. કાર્યવાહી પણ કરવાની જરૂર છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, બ્રિક્સ દેશોને સીસીઆઈટીને વહેલી તકે સ્વિકાર કરી લેવાની જરૂર છે. આનાથી આતંકવાદ સામે પારસ્પરિક સહકારને વધારો મળશે. મોડેથી પ્લેનરી સેશનમાં પણ મોદીએ ત્રાસવાદીનો મુદ્દો જ ઉઠાવ્યો હતો. મોદીએ કહ્યું હતું કે, વર્તમાન સ્થિતિમાં આતંકવાદના સ્વરુપને ખુબ જ ખતરનાક તરીકે જોવામાં આવે છે. તેની સીધી અસર વિકાસ ઉપર થઇ છે. વિકાસ અને આર્થિક પ્રગતિને નુકસાન થયું છે. મોદીએ કહ્યું હતું કે, સુરક્ષા અને કાઉન્ટર ટેરેરિઝમના ક્ષેત્રમાં પારસ્પરિક સહકાર જરૂરી છે. આતંકવાદની સામે અમને એકલા અને સાથે મળીને ઉભા થઇ જવાની જરૂર છે. ત્રાસવાદીઓ અને ત્રાસવાદી સંગઠનો સામે પસંદગીનું વલણ નિરર્થક છે. નુકસાનકારક પણ છે. મોદીએ કહ્યું હતું કે, બ્રિક્સ શાંતિ, ફેરફાર અને ઉદ્દેશ્યપૂર્ણ ગતિવિધિની દિશામાં એક અવાજ તરીકે છે. ચીન આતંકવાદના મુદ્દા ઉપર પાકિસ્તાનને સીધીરીતે કોઇ ટિપ્પણી કરવાથી બચતુ રહ્યું છે. રશિયાએ પણ હાલમાં જ પાકિસ્તાન સાથે લશ્કરી અભ્યાસ કરીને તમામને ચોંકાવી દીધા હતા. ભારતે આની સામે વાંધો ઉઠાવ્યો હતો. ભારતના પ્રયાસ આતંરરાષ્ટ્રીય સ્તર પર પાકિસ્તાનને અલગ કરી દેવાના છે. આવી સ્થિતિમાં રશિયા અને ચીનનું વલણ મદદરુપ થઇ શકે છે. આતંકવાદીઓને આશરો આપનાર દેશ પાકિસ્તાન સામે તમામને એક મત થવાની જરૂર છે. પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર મોદી આક્રમક દેખાયા હતા. મોદીએ રિસ્ટસ્ટ્રીક્ટેડ મિટિંગમાં તમામ દેશોના પ્રમુખોનું સ્વાગત કર્યું હતુ અને કહ્યું હતું કે, વિશ્વના દેશો હવે એકમત થાય તે ખુબ જરૂરી છે.

## ડ્રો કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવશે. આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શંકરભાઈ ચૌધરી શહેરી ગૃહ નિર્માણ મંત્રી વલ્લભભાઈ વઘાસીયા વિધાનસભાના અધ્યક્ષ શંભુજી ઠાકોર, તેમજ મેયર પ્રવિણ પટેલ હાજરી આપશે. આ દરમિયાન આવાસોનો ડ્રો કરવાની કાર્યવાહી ઉપરાંત રાયસણ તેમજ કુડાસણ વિસ્તારમાં પાણી વિતરણ વ્યવસ્થા સંબંધિત કામોનુ પણ લોકાર્પણ કરવામાં આવશે. છેલ્લા ઘણાં સમયથી આવાસ યાજનાના ડ્રો ની કાર્યવાહીની વાટે રહેલા લાભાર્થીઓ પણ ઉત્સાહભેર હાજરી આપશે.